# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૬/૧૨/૨૦૧૮

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ )

---

## ઓરિસ્સાના ડેલીગેશને 'સ્પાર્કલ ઇન્ટરનેશનલ ૨૦૧૮'ની મુલાકાત લીધી

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયેલા જેમ એન્ડ જવેલરી પ્રદર્શન 'સ્પાર્કલ ઇન્ટરનેશનલ ૨૦૧૮'ની ઓરિસ્સાના સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ ટેકનીકલ એજ્યુકેશન મંત્રીશ્રી સહિતના ડેલીગેશને મુલાકાત લીધી હતી. ચેમ્બરના સહયોગ થકી ઓરિસ્સાના લોકો માટે સ્કીલ ડેવલપમેન્ટ વિશે તેમજ ચેમ્બરની બિલ્ડીંગમાં ઓરિસ્સા બિઝનેસ કોર્નર ઉભું કરવાની દિશામાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

ઓરિસ્સાના માનનીય સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ ટેકનીકલ એજ્યુકેશન મંત્રી શ્રીમતી ઉષા દેવી, રૂરલ ડેવલપમેન્ટ મંત્રી શ્રી બદ્રી નારાયણ પાત્ર, હાયર એજ્યુકેશન તથા સાયન્સ એન્ડ ટેકનોલોજીના મંત્રી ડો. પ્રદીપ પાણીગ્રાહી, ભુતપુર્વ મંત્રીશ્રી ચંદ્રશેખર શાહુ, બીસીસીઆઇ બેંકના ચેરમેન શ્રી એલેક ચૌધરી અને શ્રીમતી લોપામુદ્રા સહિત ૧૫ થી વધુ જણાની ટીમે જેમ એન્ડ જવેલરી પ્રદર્શન 'સ્પાર્કલ ઇન્ટરનેશનલ ૨૦૧૮'ની વિઝીટ લીધી હતી. ઓરિસ્સાના મંત્રીશ્રીઓ સ્પાર્કલમાં એક જ પ્લેટફોર્મ પર તમામ જવેલર્સને બાયર્સ મળી રહે એવી વ્યવસ્થા જોઇને અભિભુત થઇ ગયા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ જણાવ્યુ હતુ કે, ઓરિસ્સાના ડેલીગેશને સુરતની સાથે બિઝનેસ કરવા અંગે ચર્ચા કરી હતી. શકય હોય તો ચેમ્બરની બિલ્ડીંગમાં ઓરિસ્સા બિઝનેસ કોર્નર ઉભુ કરવા માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ચેમ્બરના સહયોગ થકી ઓરિસ્સાના લોકો માટે એકવા કલ્ચર અને ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં સ્કીલ અપગ્રેડેશન માટે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.